Extra No. 9

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]          THURSDAY, JANUARY 1, 2026 / PAUSHA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક.(જીએચએન-૭૨)/ જીએસટી-૨૦૨૫/એસ.૫૪(૬)(૧)/જીએસટી સેલ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

## Gujarat Goods and Services Tax Act, 2017

## ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
## જાહેરનામું

**નાણા વિભાગ**

**જાહેરનામું ક્રમાંક. ૧૪/૨૦૨૫-રાજ્ય વેરો**

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫.

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.**

**ક્રમાંક. (જીએચએન-૭૨)/જીએસટી-૨૦૨૫/એસ.૫૪(૬)(૧)/જીએસટી સેલ:-** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૫૪ની પેટા-કલમ (૬)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, જેમને સદરહુ અધિનિયમ હેઠળ કામચલાઉ ધોરણે રિફંડ આપવામાં આવશે નહિ તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના નીચેના વર્ગ જાહેર કરે છે :-

(ક) જેણે ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ના નિયમ ૧૦ખ હેઠળ આધાર પ્રમાણીકરણ કરાવ્યું ન હોય તેવી કોઈ વ્યક્તિ;

(ખ) નીચેના કોષ્ટકના કોલમ (૨)માં નિર્દિષ્ટ પ્રકરણ અથવા શીર્ષક અથવા પેટા-શીર્ષક અથવા ટેરિફ બાબત હેઠળ આવતી કોલમ (૩)માં નિર્દિષ્ટ વર્ણન ધરાવતા માલના પુરવઠામાં રોકાયેલી હોય તેવી કોઈ વ્યક્તિ.

**કોષ્ટક**

| **અનુક્રમાંક** | **પ્રકરણ/શીર્ષક/પેટા-શીર્ષક/ટેરિફ વસ્તુ** | **માલનું વર્ણન** |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | ૦૮૦૨ ૮૦ | એરિકા નટ (સોપારી) |
| ૨. | ૨૧૦૬ ૯૦ ૨૦ | પાન મસાલા |
| ૩. | ૨૪ | તમાકુ અને ઉત્પાદિત તમાકુની અવેજી વસ્તુઓ |
| ૪. | ૩૩૦૧ | આવશ્યક તેલ |

**સ્પષ્ટીકરણ.-**

(૧) આ જાહેરનામામાં, "ટેરિફ વસ્તુ", "શીર્ષક", "પેટા-શીર્ષક" અને "પ્રકરણ"નો અર્થ અનુક્રમે કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, ટેરિફ વસ્તુ, શીર્ષક, પેટા-શીર્ષક અને પ્રકરણ થશે.

(૨) પહેલી અનુસૂચિની કલમ અને પ્રકરણ નોંધો અને સામાન્ય સ્પષ્ટીકર્ણાત્મક નોંધો સહિત કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ની પહેલી અનુસૂચિના અર્થઘટન માટેના નિયમો, શક્ય હોય ત્યાં સુધી આ જાહેરનામાના અર્થઘટનને લાગુ પડશે.

૨. આ જાહેરનામું સન ૨૦૨૫ના ઓક્ટોબર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. નિસર્ગ જોષી,**

સરકારના નાયબ સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 09:23:06 IST